અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી,જાહેર આરોગ્ય વર્તુળ,ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ,
"જલ ભવન" બ્લોક નં.૧,પહેલો માળ, શરૂસેકશન રોડ, દુધની ડેરી પાસે, જામનગર-૩૬૧૦૦૨
Email:-sephcjamnagar@gmail.com

---

વિષય:- દેવભૂમિ દ્વારકા જીલ્લા ના કલ્યાણપુર પેટાવિભાગીય કચેરી હસ્તકની રાવલ જુથ પાણી પુરવઠા યોજનાની ૬૦-માસ માટે કોમ્પ્રીહેન્સિવ મરામત અને નિભાવણીની કામગીરીના ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ ને મંજુરી આપવા બાબત.

---

નં.પીબી/કલ્યાણપુર/રાવલ જુથ/કોમ્પ્રિહેન્સિવ મ.અને નિ./ડી.ટી.પી.એસ. મંજુરી/ ૫૪૬ તા: 16/05/26

સંદર્ભ:- ૧) અત્રેની કચેરીના પત્રનં પીબી/ કલ્યાણપુર/રાવલ જુથ/કોમ્પ્રિહેન્સિવ મ.અને નિ./તાંત્રિક મંજુરી/૩૪૬ તા.૧૫-૦૪-૨૦૨૬

૨) અત્રેની કચેરીના પત્રનં પીબી/ કલ્યાણપુર/રાવલ જુથ/કોમ્પ્રિહેન્સિવ મ.અને નિ./રિવાઇઝડ તાંત્રિક મંજુરી/૪૬૮ તા.૧૪-૦૫-૨૦૨૬

૩) કા.ઇ.શ્રી - ખંભાળીયાના પત્ર નં.પીબી/કલ્યાણપુર/રાવલ જુથ/કોમ્પ્રિહેન્સિવ મ.અને નિ./DTPs/૪૪૬ તા.૦૪-૦૫-૨૦૨૬

૪) વહીવટી અને નાંણાકીય સતા સોંપણી બાબતનાં બોર્ડ કચેરી ગાંધીનગરનાં પરીપત્ર ક્રમાંક. ના.નિ.સતા સોંપણી-૧૩૬૮ તા. ૩૦/૦૯/૨૦૨૦.

**<u>પ્રસ્તાવના:</u>**

દેવભૂમિ દ્વારકા જીલ્લા ના કલ્યાણપુર પેટાવિભાગીય કચેરી હસ્તકની રાવલ જુથ પાણી પુરવઠા યોજના મારફત કલ્યાણપુર તાલુકાના ૯ ગામ તથા ૧ શહેર ને પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. સદર રાવલ જુથ યોજનાના સીવીલ તથા યાંત્રિક ઘટકો ની મરામત અને નિભાવણી અર્થે સાદર કરવામાં આવેલ ૬૦-માસ (૫ વર્ષ) ના સમયગાળા માટે ના કોમ્પ્રીહેન્સિવ અંદાજોને સંદર્ભ-૧ તળે ના પત્ર થી અત્રેની કચેરી દ્વારા અંદાજીત રકમ રૂ. ૨,૦૦,૬૯,૧૪૦.૦૮/- (૧૮% જી.એસ.ટી વગર) માટે તાંત્રિક મંજુરી આપવામાં આવેલ હતી. જેને બોર્ડની સુચના પ્રમાણે સંદર્ભ-૨ તળેના પત્રથી અત્રેની કચેરી દ્વારા સદર કામગીરી માટે રૂ.૨,૩૬,૮૨,૦૦૦.૦૦ (૫% કન્ટીજન્સી ચાર્જ, અને ૨% એસ્ટાબ્લીશમેન્ટ ચાર્જ તથા ૧૮% જી.એસ.ટી. સાથે) મંજુરી આપવામાં આવેલ છે. જે અનુસંધાને સંદર્ભ-૩ તળેના પત્ર દ્વારા કાર્યપાલક ઇજનેરશ્રી- ખંભાળીયા દ્વારા સદર કામના ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ તૈયાર કરી સાદર કરવામાં આવેલ છે. જે ડી.ટી.પી.એસ. ની અંદાજીત રકમ રૂ. ૧,૮૭,૫૬,૨૦૫.૬૯/- થવા પામે છે.

વધુમાં જણાવવાનુ કે, સિવિલ ઘટકોની મરામત અને નિભાવણી એજન્સી – હિન્દુસ્તાન પ્રોજેક્ટસ - રાજકોટ દ્વારા કરવામાં આવી રહેલ છે. જેની સમયમર્યાદા તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ પુર્ણ થનાર છે.

**<u>હુકમ:</u>**

ઉપરોક્ત વિગતે દેવભૂમિ દ્વારકા જીલ્લા ના કલ્યાણપુર પેટાવિભાગીય કચેરી હસ્તકની રાવલ જુથ પાણી પુરવઠા યોજનાની સીવીલ તથા યાંત્રિક ઘટકો ની મરામત અને નિભાવણીના – ૬૦ માસ (૫ વર્ષ) માટેના ડી.ટી.પી.એસ. ને સંદર્ભ-૪ હેઠળના પરીપત્રથી મળેલ સત્તાના રૂએ નીચેની શરતોને આધીન અંદાજીત કિંમત રૂ. ૧,૮૭,૫૬,૨૦૫.૬૯/- માટે કોમ્પ્રિહેન્સિવ મરામત અને નિભાવણી કાર્યક્રમ હેઠળ મંજુરી આપવામાં આવે છે, તથા ડી.ટી.પી.એસ ના ભાગરૂપે તેની જાહેર નિવિદા ૨૦૨૬-૨૭ ને બોર્ડના પ્રવર્તમાન નિયમોનુસાર અખબારમાં પ્રસિધ્ધ કરવાની નીચેની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી,જાહેર આરોગ્ય વર્તુળ,ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ,
" જલ ભવન " બ્લોક નં.૧,પહેલો માળ, શરૂસેકશન રોડ, દુધની ડેરી પાસે, જામનગર-૩૬૧૦૦૨
Email:-sephcjamnagar@gmail.com

શરતો:-

૧. બોર્ડના પ્રવર્તમાન નિતિ-નિયમોનુસાર તથા કરકસરયુક્ત રીતે કામગીરી કરવાની રહેશે.

૨. સદર યોજનાના કોમ્પ્રિહેન્સિવ મરામત અને નિભાવણીના અંદાજોની મંજુરી સક્ષમતા અનુસાર મેળવી લેવાની રહેશે. તે મંજુરીની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. એક્શન પ્લાન ૨૦૨૬-૨૭માં તેમજ ત્યાર પછીના વર્ષમાં ફાળવવામાં આવેલ રકમની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે, તેમજ આ ડી.ટી.પી.એસ ૬૦ માસ માટેના હોય વર્ષ ૨૦૨૬-૨૭ ના એક્શન પ્લાનમાં પણ આ અંગે પુરતી નાણાંકીય જોગવાઇ રાખવાની રહેશે.

૪. મરામત અને નિભાવણી અંગે બોર્ડ કચેરીની વખતોવખતની તેમજ અધ્યતન સુચનાનું ચુસ્તપણે પાલન કરવાનું રેહશે.

૫. સામેલ ડી.ટી.પી.એસ.માં આપવામાં આવેલ ચુકવણાની શરતો તથા શેડ્યુલ ઓફ પેમેન્ટ મુજબ જ ચુકવણું કરવાનું રહેશે.

૬. સામેલ ડી.ટી.પી.એસ.માં આપવામાં આવેલ કામ અંગેની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા મરામત અને નિભાવણીનું કામ સદર ડી.ટી.પી.એસ. માં આપેલ સ્પેસીફીકેશન મુજબ થાય તે અંગે પુરતી કાળજી લેવાની રહેશે.

૭. સરકારશ્રીના પરીપત્ર નં ટી.એન.સી. ૧૦૨૦૦૭/સ.તા. તા.૧૭.૦૩.૦૭ પ્રામાણે નિવિદામાં ટેન્ડર સ્વીકારવાનો ગાળો રાખવો.

૮. આ નિવિદા સભ્ય સચિવશ્રીના પત્ર નં પીએ-એમ.એસ.૧૧૯-૨૦૦૭ તા.૨૦.૧૧.૨૦૦૭માં અપાયેલ સુચના પ્રમાણે કર્યવાહી કરવાની રહેશે.

૯. ઓનલાઇન ટેન્ડર માટે ટેન્ડર ફી તથા બાનાની રકમ સ્વીકારવાની પધ્ધતિમાં કરવામાં આવેલ ફેરફાર અંગેનો સભ્ય સચિવશ્રીના આદેશ નં કોમ્પ્યુટર ઇ-ટેન્ડર-જી.આર.૧૭-૨૦૦૬-૨૫૩ તા.૧૫.૧૨.૨૦૦૯ તથા માર્ગ અને મકાન વિભાગ ના ઠરાવ ક્રમાંક નં આરજીએન-૬૦૮૯-૦૮- પાર્ટ-૧-સી ૧૪ તા.૦૬.૦૮.૨૦૧૧ માં અપાયેલ સુચના પ્રમાણે નિવિદામાં જોગવાઇ રખવી.

૧૦. સભ્ય સચિવશ્રીના પત્ર નં કોમ્પ્યુટર/ઇ-ટેડર/જીઆર/૧૭/૨૦૦૬/૫૪ તા.૧૯.૦૨.૨૦૦૯ના પરિપત્રાથી અપાયેલ સુચના પ્રમાણે બાનાની રકમ સ્વીકાર્વાની જરૂરી જોગવાઇ રાખવી તથા સભ્ય સચિવશ્રીના વખતો વખત પરિપત્રમાં દર્શાવેલ બેંકોની જ સ્વીકારવાની જોગવાઇ રાખવી.

૧૧. સભ્ય સચિવશ્રીના પત્ર નં ફોમ્પ્યુટર/ઇ-ટેન્ડર/જી.આર./૧૭/૨૦૦૬/૧૨૮ તા.૦૪.૦૫.૨૦૦૯માં અપાયેલ સુચના તેમજ માર્ગ અને મકાન વિભાગના પરીપત્ર નં.ટી.એન.સી./૧૦-૨૦૧૩ (૦૨) સી,તા.૧૦.૦૫.૨૦૧૩ અન્વયે જરૂરી કર્યવાહી કરવી

૧૨. નિયમોનુસાર વર્તમાન પત્રોમાં ઓછામાં ઓછી જગ્યામાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી,જાહેર આરોગ્ય વર્તુળ,ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ,
"જલ ભવન" બ્લોક નં.૧,પહેલો માળ, શરૂસેકશન રોડ, દુધની ડેરી પાસે, જામનગર-૩૬૧૦૦૨
Email:-sephcjamnagar@gmail.com

૧૩. ટેન્ડરમાં GST બાબતે બોર્ડ કચેરીના પરીપત્ર નં એબી/સીમે ૧-૨/GST-Governmental Authority/2017-18/F.N.-૮૯/૨૦૧૭/૬૩૩૬ તા.૨૭.૧૧.૨૦૧૭ તેમજ બોર્ડ કચેરીના પરીપત્ર નં.એબી/સીમે ૧-૨/GST-TDS/ફા.નં. ૫૦/પરીપત્ર-૨/૩૯૦ તા.૦૫.૧૦.૨૦૧૮ તેમજ તાજેતરના ટેક્નીકલ સેલ, બોર્ડ કચેરી, ગાંધીનગરના પરીપત્ર નં.ટેકસેલ/જી.એસ.ટી./પરીપત્ર/૩૫૧ તા.૧૮.૦૪.૨૦૨૨ તથા નાણા નિયંત્રકશ્રી, ગાંધીનગરના પત્ર નં એ.બી/જી:એસ.ટી./૫૬૫૯૫૧/૨૦૨૨-૨૩/૫૬૪ તા.૦૧.૦૯.૨૦૨૨ ની શરતો અને તે અંગેના સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોની જોગવાઇ મુજબ કાર્યવાહી કરવાની રેહશે.

(આર.આર.ખારવા)
અધિક્ષક ઇજનેર

નકલ સવિનય રવાના પ્રતિ:-

- મુખ્ય ઇજનેરશ્રી ઝોન-૩, રાજકોટ તરફ નમ્ર જાણ સારૂ.

નકલ રવાના પ્રતિ:-

- કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.બાં.વિભાગ,ખંભાળીયા તરફ જાણ તથા કાર્યવાહી અર્થે.